# મતદારયાદી સુધારણા અભિયાનની મુલાકાત લેતા પંચના અધિકારીઓ

## સોમવાર મતદારયાદી સુધારણા ઝુંબેશનો અંતિમ દિવસ : ઝુંબેશને સારો પ્રતિસાદ સાંપડ્યો છે : તંત્ર

ગાંધીનગર, તા. ૧૧

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજે મતદારયાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત યોજાયેલ ખાસ સઘન અભિયાનની ઉપસચિવશ્રી દેસાઈ અને સેક્શન અધિકારી ગામીતે જિલ્લાની મુલાકાત લીધી હતી.

પંચ દ્વારા યોજાયેલ ખાસ સઘન અભિયાનની તેમણે ગાંધીનગર(ઉ), દહેગામ અને માણસા વિધાનસભા મતવિસ્તારોની મુલાકાત લઈ ચાલી રહેલી સુધારણા ઝુંબેશની કાર્યવાહીને નિહાળી હતી. નાયબ જિલ્લા અધિકારી શ્રી કક્કડે પણ જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ફરી અને કામગીરીને નિહાળી હતી.

પંચ દ્વારા હાથ ધરવામાં આવેલ આ મતદારયાદી સુધારણા ઝુંબેશ એ વિધાનસભાની ચૂંટણી પછી તુરત જ હાથ ધરવામાં આવી છે અને ૧-૧-૧૮ની સ્થિતિએ મતદારયાદી તૈયાર કરવામાં આવનાર હોવાથી યુવા મતદારોમાં તે અંગે ભારે ઉત્સાહ જોવા મળતો હતો.

આમ તો આ ખાસ સઘન અભિયાન ૪થી ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવનાર હતુ પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર કરવામાં આવી હોવાથી તંત્રની વ્યસતતાને ધ્યાને રાખી અભિયાનની તારીખમાં ફેરફાર કરી આજની તારીખ નિયત કરવામાં આવી હતી.

પ્રથમ તબક્કાની સઘન ઝુંબેશ દરમ્યાન ૧૬ હજારથી પણ વધુ અરજીઓ મળી હતી. આજે બીજા તબક્કાની ઝુંબેશમાં પણ ભારે પ્રતિસાદ સાંપડ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આજે સવારથી જ દરેક બુથ પર બી.એલ.ઓ. પહોંચી ગયા હતા અને અરજીઓના સ્વીકારની કામગીરી હાથ ધરી હતી. લગ્નસરાની મોસમ વચ્ચે પણ સારો પ્રતિસાદ આ અભિયાનને મળ્યો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. બપોરના બે વાગ્યા સુધીમાં જ પાંચ હજારથી વધુ અરજીઓ મળી હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

સોમવાર એ આ મતદારયાદી સુધારણાનો અંતિમ દિવસ છે. આ પછી નામ નોંધાવવા માટે કે કમી કરાવવા માટે જે તે તાલુકા મથકે અથવા જિલ્લા કચેરી સુધી જવુ પડશે. પ્રથમ તબક્કાની આ મતદારયાદી સુધારણા ઝુંબેશને સારી એવી સફળતા મળી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.




આજીવિકા માટે કરતબ - નાનકડી દીકરી દ્વારા અવનવા શારિરીક કરતબ કરાવી આજીવિકા રળતા બાપ-દીકરીની તસવીરમાં પિતાનું વાત્સલ્ય છલછલો ભરેલું દૃશ્યમાન થાય છે... દીકરીનું બાપ પરત્વેનું કર્તવ્ય સ્પર્શે છે... બાપ-દીકરીની આ નાનકડી તસવીર જીવનના મોટા મોટા સંબંધોને નાના કરી નાખે છે...



જોખમી વૃક્ષ - વાહન વ્યવહારથી ધમધમતા ટીસીએસ માર્ગ પર જોખમી વૃક્ષ ચેતવણીરૂપ છે... ઘ-૦ થી રિલાયન્સ ચોકડી વચ્ચેના માર્ગ પર નમી ગયેલ વૃક્ષ ગમે ત્યારે પડી જાય તેવી સ્થિતિમાં છે... અહીંથી પસાર થતા વાહનચાલકો વૃક્ષના પડવાની બીકથી ગભરાય છે... વન વિભાગ ઝડપથી જોખમી વૃક્ષને હટાવી વાહન વ્યવહારને સલામતીનો વિશ્વાસ પ્રસ્થાપિત કરે....

# નિયત સમય મર્યાદામાં ચૂંટણી ખર્ચ રજુ નહિ કરનાર સામે એફ.આઈ.આર. થશે

**રાજ્ય ચૂંટણી પંચે ખર્ચ મર્યાદા માટે ૨૦૦૬ થી ૨૦૧૧ સુધીમાં ત્રણ વખત સુધારા કર્યા છે**

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં અત્યાર સુધીમાં ત્રણ વખત ખર્ચ મર્યાદામાં ફેરફાર કરવામાં આવ્યા છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૦૦૬માં તા.પં.ની ચૂંટણી માટે ઉમેદવારની ખર્ચ મર્યાદા રૂ. ૬૦ હજાર નિયત કરાઈ હતી જ્યારે જિલ્લા પંચાયત માટે સવાલાખ રૂ.ની મર્યાદા નિયત કરાઈ હતી.

આ પછી મળેલી રજુઆતોને ધ્યાને લઈ પંચે ત્રણ જ વર્ષના ગાળામાં આ ખર્ચની મર્યાદામાં સુધારા કર્યા હતા. જેમાં તાલુકા પંચાયત માટે ૨૦૦૯માં ખર્ચ મર્યાદા સુધારીને ૭૫ હજાર અને જિલ્લા પંચાયત માટે રૂ. ૧.૫૦ લાખ નિયત કરવામાં આવેલ હતી.

જો કે આ વધારો યોગ્ય નહિ હોવાની વારંવારની પંચ સમક્ષની રજુઆતોને અંતે પંચે પુનઃ

● અનુસંધાન પાન-૭ પર

# તાલુકા પંચાયત માટે નિરીક્ષક તરીકે અધિક વિકાસ કમિશ્નર તન્ના નિમાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચે નિરીક્ષક તરીકે અધિક વિકાસ કમિશ્નર તન્નાની નિયુક્તી કરી છે. માણસા નગરપાલિકા માટે એન.આર.જી. ફાઉન્ડેશનના ખાસ ફરજ પરના અધિકારી અસારીની નિયુક્તી કરવામાં આવી છે.

આ નિરીક્ષકો ટુંકમાં જ ગાંધીનગર તાલુકા અને માણસા નગરપાલિકાની ચૂંટણીને લઈ તંત્ર દ્વારા કરાયેલ તૈયારીઓ સહિતની સમીક્ષા અધિકારીઓ સાથે કરશે.

મળતી વિગતો પ્રમાણે આ નિરીક્ષકો દ્વારા ઉમેદવારો દ્વારા કરવામાં આવી રહેલા ખર્ચ, આદર્શ આચારસંહિતાના અમલ સહિતની વિવિધ બાબતોની સમીક્ષા કરશે અને તેમનો અહેવાલ રાજ્ય ચૂંટણીપંચને આપશે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ખર્ચ મર્યાદાનું પાલન કરાવાશે

## પંચે નિરીક્ષકોને પણ તાકીદ કરી : તાલુકા પંતાયત માટે ઉમેદવાર સવાલાખની મર્યાદામાં ખર્ચ કરી શકશે : ૨૦૧૧માં આ મર્યાદા સુધારાઈ હતી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકા પંચાયતની આગામી ૨૧મી ફેબ્રુઆરીએ યોજાનાર ચૂંટણીમાં ઉમેદવાર દ્વારા કરવામાં આવતા ખર્ચ પર રાજ્ય ચૂંટણી પંચના નિરીક્ષકો ખાસ નજર રાખશે.

રાજ્ય ચૂંટણી પંચે તાલુકા પંચાયતમાં ઉમેદવારની ખર્ચ મર્યાદા રૂ. સવાલાખ સુધીની નિયત કરેલ છે. તેમજ ઉમેદવાર દ્વારા કરવામાં આવતા ખર્ચના હિસાબો ચૂંટણી અધિકારી દ્વારા નિયત સમયગાળામાં રજુ કરવાના હોય છે જેની ચકાસણી પણ થતી હોય છે.

મતદાન પૂર્વે બે વખત આ ચકાસણીની કામગીરી સામાન્યતઃ કરવામાં આવતી હોય છે. તેમજ ઉમેદવાર દ્વારા થયેલ ખર્ચના હિસાબો પણ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થતાં જ રજુ કરી દેવાના હોય છે. પંચ દ્વારા આ વેળાએ ચૂંટણીખર્ચ પર વિશેષ ધ્યાન રાખવા માટે ખાસ તાકિદ પણ કરી છે. મળતી વિગતો પ્રમાણે પંચ દ્વારા ઉમેદવારની ખર્ચ મર્યાદાને ૨૦૧૧માં જ સુધારવામાં આવી છે. આ ખર્ચ મર્યાદાનું પાલન નહિ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવવા સહિતના પગલાં લેવામાં આવી શકે છે તેમ પંચના વિશ્વસનીય સૂત્રોએ સ્વીકાર્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના ૮ સાયકલપ્રેમીએ સાયકલોથોનમાં ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૧

આજે અમદાવાદ શહેરના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે જે.પી.સ્પોર્ટસ દ્વારા સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાયકલોથોનમાં ૪ હજાર સાયકલી પ્રેમીઓએ ભાગ લીધો હતો. આ સાયકલોથોનમાં નાની ઉંમરના બાળકથી લઈ મોટી ઉંમરના સાયકલ સવારો પણ જોડાયા હતા. ત્યારે અમદાવાદ આયોજીત સાયકલોથોનમાં ગાંધીનગર શહેરના પણ ૮ સાયકલ સવારો જોડાયા હતા અને સાયકલોથોન પુરી કરીને શહેરનું ગૌરવ વધાર્યું હતું.

અમદાવાદ શહેરમાં જે.પી.સ્પોર્ટસ દ્વારા સતત ત્રીજીવાર સુગર ફ્રી સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૫ કલાકે થી જીએમડીસી ગ્રાઉન્ડ ખાતેથી સાયકલ સવારોએ પ્રસ્થાન કર્યું હતું. જીએમડીસીથી ઓગણજ સર્કલ સુધીનો સાયકલોથોનનો રુટ નિયત કરાયો હતો. અમદાવાદમાં ટ્રાફિકને પગલે કેટલાક માર્ગોને સવારે ૫ થી ૧૦ વાગ્યા દરમિયાન ડાયવર્ટ કરાયા હતા. પર્યાવરણને પણ નુકશાન ન થાય તે માટે પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. ચાર હજારથી પણ સાયકલ પ્રેમીઓએ

● અનુસંધાન પાન-૭ પર




# બે જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૨૭૩ ઉમેદવાર

## બે જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયત માટેની ચૂંટણી ૨૧મી ફેબ્રુઆરીએ યોજાશે : તા.૨૩મીએ મતગણતરી

ગાંધીનગર,તા. ૧૧

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં રાજયમાં બનાસકાંઠા અને ખેડા જિલ્લા પંચાયત મળી બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણી રાજયની ૭૫ નગરપાલિકાઓની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારોએ તેમના પ્રચાર-પ્રસાર વેગવંતો અને અસરકારક બનાવ્યો છે, તો બીજીબાજુ, રાજય ચૂંટણી પંચના અધિકારીઓએ પણ રાજયની ૭૫ નગરપાલિકાઓ, બે જિલ્લા પંચાયતો અને ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તેની કવાયત હાથ ધરી છે. રાજયની બનાસકાંઠા અનો ખેડા એમ બે જિલ્લા પંચાયતોની ચૂંટણી માટે ૨૭૩ ઉમેદવારો મેદાનમાં છે, જયારે ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણી માટે ૧૦૦૫ ઉમેદવારો મેદાનમાં છે. રાજયની આ બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણી તા.૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજાશે, જેનું પરિણામ એટલે કે, મતગણતરી તા.૨૩મી ફેબ્રુઆરીએ હાથ ધરી જાહેર કરાશે. રાજય ચૂંટણી પંચ દ્વારા રાજયની બનાસકાંઠા અને ખેડા એમ બે જિલ્લા પંચાયતો અને ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણી અંગેનું વિધિવત્ જાહેરનામું તા.૩જી ફેબ્રુઆરીએ પ્રસિધ્ધ કરાયુ હતુ.

બનાસકાંઠા અને ખેડા જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવા અંગે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ તા.૮મી હતી અને ઉમેદવારીપત્ર ચકાસણીની તારીખ ૯મી હતી. ઉમેદવારીપત્ર ચકાસણી બાદ હવે બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતના ઉમેદવારોની સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ છે. જે મુજબ, બનાસકાંઠા અને ખેડા એમ બે જિલ્લા પંચાયતોની ચૂંટણી માટે ૨૭૩ ઉમેદવારો મેદાનમાં છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS · Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**પૂજ્ય માતૃશ્રીની પ્રથમ પૂણ્યતિથીએ ભાવાંજલિ**



સ્વ. સૌ. હંસાબેન જીતેન્દ્ર દવે
૨૦/૦૨/૧૯૪૨ – ૧૨/૦૨/૨૦૧૭

આપના સંસ્કાર શાશ્વત યાદ છે. આપનો પ્રેમાળ સ્વભાવ અમારી પ્રેરણા છે. આપની કુંટુંબ ભાવના અમારી શાન છે. આપનું વાત્સલ્ય અમારો પ્રાણ છે. આપની ધાર્મિક ભાવના અમારો આદર્શ છે. આપના આશિર્વાદ એ જ અમારી સમૃદ્ધિ છે.

રાકેશ દવે · નિમિષ દવે · પારૂલ ત્રિવેદી · દિપ્તી દવે
બિન્દી દવે · ઉર્વશી દવે · નલિન ત્રિવેદી · રાજેષ દવે
હિમાદ્રી ● ઈશિતા ● નિલય ● આદિત્ય ● તનુજ ● વિશ્વા ● પરિસા ● આર્યા

**સ્વર્ગસ્થને સ્મરણાંજલિ**

સોળ મિનિટની આઠ દિવસની મૌન મુલાકાતમાં દાંપત્ય જીવનનાં સત્તાવન વર્ષનાં સંભારણાં હદયમાં સાચવીને જીવનના બાકીના કાળમાં વાગોળી રહ્યો છું.

- જીતેન્દ્ર દવે



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



Info City Club & Resort
PRESENTS

CANDLE LIGHT BUFFET DINNER
WITH LIVE ORCHESTRA & SURPRISE GOODIES FOR ALL
PER COUPLE @ Rs. 1500 + GST



LIMITED TABLES
BOOK NOW!
VALENTINE'S DAY RECIPE
LOVERS' SPECIAL

FOR BOOKING CALL : +91 99099 06372

DATE & TIME
14th February, 2018 / 7:00 pm to 10:00 pm

VENUE
Infocity Club & Resort, Indroda Circle, SG Highway, Gandhinagar - 382 009. INDIA.
www.infocityclub.net I info@infocityclub.net

*T&C apply.



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE · CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com